# ગોઢાણિયા મહિલા કોલેજનો ૨૪મો વાર્ષિકોત્સવ દબદબાભેર સંપન્ન

શિક્ષણની સાથોસાથ શિસ્ત અને સંસ્કારના સાંસ્કૃતિક વારસાને દિપાવતી પોરબંદર ખાતેની ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજનો ૨૪મો વાર્ષિકોત્સવ તા. ૧૫/૦૧/૨૦૧૨ના રોજ દબદબાભેર ઉજવાઈ ગયો.

આ કાર્યક્રમમા શ્રી મા.ઓ.સ્મા. ટ્રસ્ટના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખશ્રી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, માજી સાંસદ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ ઓડેદરા તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતેથી Department of Hindi ના નિવૃત્ત રીડરશ્રી ડૉ. ગિરીશભાઈ ત્રિવેદી હાજર રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆત કરતાં પહેલાં ડો. વી.આર. ગોઢાણિયા કોલેજ બિલ્ડીગનાં પ્રાંગણમાં નવી મુકાયેલી " માં સરસ્વતી " ની સુંદર પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું જેમાં રાજકોટથી પધારેલા ડો. ગિરીશભાઈ ત્રિવેદી, ડો. વિરમભાઈ ગોઢાણિયા, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શ્રી ભરતભાઈ ઓડેદરા, તથા પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ નાગરસાહેબે " માં શારદા " નું પુજન કર્યું હતું. આ સમયે ટી.વાય.બી.એ.(સંસ્કૃત) ની વિદ્યાર્થીની કુ. મહેશ્વરી પુરોહિત તથા તેની સખીઓએ સરસ્વતી દેવીની પુજા આરાધના સાથે સંબંધિત શ્લોકનું ઉચ્ચ સ્વરે ગાન કર્યુ હતું તથા પ્રતિમાના શ્રુંગાર કોલેજના સંસ્કૃત વિભાગના પ્રા. શ્રી શૈલેષભાઈ મહેતા તથા સાંદિપની વિદ્યાનિકેતન પોરબંદરથી ખાસ બોલાવાયેલ પ્રતિમા શ્રુંગાર નિષ્ણાંતોની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. અનાવરણ વિધિ સમયે પોરબંદર મહેર સમાજના આગેવાનો શ્રી આવડાભાઈ ગોઢાણિયા, શ્રી ભીમભાઈ ચૌહાણ તથા શ્રી અરભમભાઈ કેશવાલા ખાસ ઉપસ્થિત રહયા હતા. ત્યારબાદ ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજમાં ચાલી રહેલ ‘સપ્તધારા’ અંતર્ગત તૈયાર કરાયેલ એક સુંદર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. પ્રદર્શનમાં રજુ થયેલ વિવિધ કૃતિઓ તથા કોલેજની હોમસાયન્સ વિદ્યાશાખા દ્વારા તૈયાર કરાયેલ વિવિધ નમૂનાઓનું પ્રદર્શન નિહાળીને મહાનુભાવો ઘણા પ્રભાવિત થયા હતા. તથા આ પ્રદર્શન માટે વિદ્યાર્થીનીઓ તથા તેમના પ્રાધ્યાપકશ્રીઓએ ઉઠાવેલ મહેનત બદલ સૌની ઘણી પ્રસંશા કરી હતી.

આ પછી વાર્ષિકોત્સવ કાર્યક્રમની શરૂઆત બરાબર સાંજે ૦૫–૩૦ વાગ્યે કરવામાં આવી. જેમાં પ્રારંભમાં કુ. મહેશ્વરી પુરોહિત તથા તેની સખીઓ દ્વારા સંસ્કૃત શ્લોકનું ઉચ્ચ સ્વરે ગાન કરવામાં આવ્યું. ત્યારબાદ ગોઢાણિયા મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ નાગસાહેબે સર્વે ઉપસ્થિત મહાનુભાવો, શ્રી મા.ઓ. સ્મા. ટ્રસ્ટના પ્રમુખશ્રી, ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખશ્રી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, માજી સાંસદ તથા ટ્રસ્ટી શ્રી ભરતભાઈ ઓડેદરા તથા ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું તથા સાથોસાથ વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન મહિલા કોલેજમાં થયેલી વિવિધ પ્રવૃત્તિઓ તથા પ્રગતિનો અહેવાલ રજુ કર્યો.

આ પછી સર્વે મહાનુભાવોનું સંસ્થા વતી પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું,

આ પછી તરત જ કોલેજના રિસર્ચ જર્નલ ‘ખોજ’ અંક – ૪ , કોલેજ મેગેઝીન " સંગાથ " તથા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ઈલાબહેન થાનકીના પુસ્તક ‘Advance Macro Economics’નું વિમોચન કરવામાં આવ્યું.

આ પછી કોલેજની પરંપરાને આગળ વધારતાં કોલેજની વિનયન, વાણિજય, ગૃહવિજ્ઞાન તથા M.A. (English)માં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીનીઓને ‘શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા ગોલ્ડ મેડલ’ એનાયત કરાયા.

જેમાં T.Y.B.A. (હિન્દી) નો ગોલ્ડ મેડલ કોલેજની કુ. પ્રિયા બરડાઈએ મેળવ્યો T.Y.B.Com નો મેડલ બે વિદ્યાર્થીનીઓએ મેળવ્યો. જેમાં ચંદારાણા સ્વીટી તથા કોડિયાતર દક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા તથા હોમસાયન્સ વિદ્યાશાખામા કુ. તન્ના પરિતાએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. કુ. તન્ના પરિતાએ સૌ.યુનિ. ખાતે હોમસાયન્સ વિદ્યાશાખામાં 'યુનિવર્સિટી ફર્સ્ટ' સ્થાન મેળવ્યું છે. આ બાબતની પણ ખાસ નોંધ લેવામાં આવી. તથા એમ.એ. ઈંગ્લીશનો ગોલ્ડ મેડલ કુ. હિના આસનાણીને એનાયત કરવામાં આવ્યો હતો. આ પછી તરતજ કાર્યક્રમના મુખ્ય મહેમાન ડો. ગિરીશભાઈ ત્રિવેદીને કાર્યક્રમની યાદગીરી તરીકે મોમેન્ટો સાથે શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા તથા મહિલા કોલેજનો રંગમંચ તૈયાર કરનાર શ્રી દિનેશભાઈ પોરિયા કે જેઓ ગુજરાત રાજય ચિત્રકલા તથા પેઈન્ટીગના ટોચના નિષ્ણાંત છે તથા સેન્સ કલાના ક્ષેત્રે તેમણે સમગ્ર ગુજરાતમાં રાજયમાં નામના પ્રાપ્ત કરેલી છે તેમને પણ શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ માર્ચ – ૨૦૧૧માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલી વિવિધ વિદ્યાશાખાની પરીક્ષાઓમાં ડિસ્ટીકશન તથા પ્રથમ વર્ગ મેળવેલી વિદ્યાર્થીનીઓને પણ પારિતોષિક તથા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા.

આ પછી કોલેજની પરંપરામાં નવો ચીલો ઉમેરતાં આ વર્ષથી બે નવા એવોર્ડનો ઉમેરો કરવામાં આવ્યો જેમાં Most Regular તથા Best Student તરીકનો એવોર્ડ કોલેજની S.Y.B. A.ની વિદ્યાર્થીની કુ. લોઢારી પુજાને અપાયો તથા કોલેજના વર્ગ પ્રતિનિધિઓમાંથી ત્રણેય વર્ગના એક એક Mentorને Most Promising Mentors એવોર્ડ એનાયત કરવામાં આવ્યા જેમાં F.Y.B.Com ની કુ. માયા રામદત્તી, S.Y.B.Com ની કુ. શ્રેયા ઓઝા તથા .T.Y.B.A. માંથી કુ.વિશ્રુતિ મહેતાને આ એવોર્ડ આપવામાં આવ્યા.

ત્યાર બાદ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની રમત વીરાંગનાઓ કે જેઓ વિવિધ રમતોમાં રાજય કક્ષા સુધીની સ્પર્ધાઓમાં વિજય મેળવીને નેશનલ લેવલ પર રમવા માટે પસંદગી પામી છે. અને પોતાના વ્યકિતત્વના વિકાસની સાથોસાથ તેમણે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજને પણ ગૌરવ અપાવ્યું છે. તેવી (૧) કુ. સોનલ રૂઘાણી – ટેબલ ટેનિસ તથા ક્રિકેટ, (૨) કુ. ગીતા મોઢવાડીયા – ખોખો, (૩) કુ. મનીષા લાખાણી – જુડો (૪) કુ. શિવાનીબા જેઠવા તથા (૫) કુ. ગીતા ઓડેદરાને ક્રિકેટની રમતમાં નેશનલ લેવલ પર પસંદગી પામવા બદલ ડૉ. વિરમભાઈ ગોઢાણિયા દ્વારા પુરસ્કૃત કરવામાં આવી. આ પછી N.S.S.ના બંને યુનિટમાંથી બેસ્ટ વોલિન્ટિયર તરીકે યુનિટ–૧માંથી કુ. આશા છેલાર તથા યુનિટ–૨માંથી કુ. પાયલ આસોડિયાને સન્માનિત કરાયા.

ત્યારબાદ ઉપસ્થિત સર્વે મહાનુભાવો દ્વારા કરાયેલ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સૌ પ્રથમ ઉદ્‌બોધન કરતાં કોલેજના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, કોલેજ જીવન એ સર્વાંગી વિકાસ માટેનો શ્રેષ્ઠ અવસર છે દરેક વિદ્યાર્થીનીઓએ પોતાને પ્રાપ્ત થતી તકોને ઝડપી લઈને આગળ વધવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. સંસ્થા ઈંગ્લીશ લેંગ્વેજ લેબ, કોમ્પ્યુટર લેબ તથા આધુનિક સુવિધાઓથી સજજ છે. જેનો શ્રેષ્ઠ લાભ લઈ આગળ વધવા હાકલ કરી હતી. આ પછી શ્રી મા.ઓ. સ્મા. ટ્રસ્ટના તથા ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે વર્તમાન સમય પરિવર્તનનો સમય છે. માત્ર એક ભાષા કે એકજ ક્ષેત્રના જ્ઞાનથી આગળ વધી શકાશે નહી, વ્યાપક બનવું પડશે, વિસ્તૃત બનવું પડશે અને જ્ઞાનની નવી– નવી ક્ષિતિજોને પામવા માટે હામ ભરવી પડશે. સંસ્થા વિકાસની નવી દિશાઓ પ્રાપ્ત કરી રહી છે. ત્યારે તેનો મહતમ વિકાસ આપણા સૌની મહેનતને નવી ઓળખ આપશે આવનાર વર્ષે જયારે સંસ્થા સ્થાપનાનું ૨૫ મું વર્ષ ઉજવવા જઈ રહી છે ત્યારે સૌએ પોતાની દિશાઓમાં શ્રેષ્ઠ મહેનત વડે દૈદિપ્યમાન બનવાનું છે.

ત્યારબાદ રજુ થયેલાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગણેશ સ્તુતિ, કવ્વાલી, ગ્રુપ ડાન્સ, રાસ, કલાસિકલ સોંગ તથા એકાંકી રજુ કરવામાં આવ્યા. જેમાં થેલેસેમિયા જાગૃતિ સાથે સંબંધિત એકાંકી તથા દિકરીના જન્મ–ઉછેરની અવગણના સાથે સંબંધિત લઘુનાટક ‘દિકરી –દુઃખનો દરિયો કે સુખનો સાગર!’ એ ખાસ આકર્ષણ જગાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં હિમાની, જયના, પ્રિન્સેસ ગ્રુપ, ભાગ્યશ્રી, શિલ્પા, જાગૃતિ, નીતા, દિપા, રાધા તથા તેમની સખીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

અંતમાં સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કુ. શ્રેયા ઓઝા તથા કુ. કોશા ઓઝા દ્વારા કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રેયા ,કોશા , પ્રાર્થના, મિનલ તથા પ્રીતિ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા રાષ્ટ્રગીત સાથે સમગ્ર કાર્યક્રમની પુર્ણાહુતિ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો, ડો. વિરમભાઈ ગોઢાણિયા, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા , તથા શ્રી ભરતભાઈ ઓડેદરાએ આટલો સુંદર કાર્યક્રમ રજુ કરવા બદલ કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ. અનુપમનાગર સાહેબ, સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ઈલાબહેન થાનકી, શ્રી કલ્પનાબહેન જોષી, ડૉ. વાઘેલા સાહેબ, ડૉ. ભાવનાબહેન કેશવાલા. પ્રા. સુહાગીનીબહેન ગરાસિયા , તમામ પ્રાધ્યાપકશ્રીઓ, વહિવટી સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં.

**( ડો. અનુપમ આર. નાગર )**
પ્રિન્સિપાલ